**તા. ૧૧/૯/૨૫ : છાપકામ :** છાપકામથી બાળકોમાં સર્જનાત્મકતા વધે નવુ વિચારવા અને નવુ બનાવવાની મજા અનુભવે છે. આંગળી, હાથ અને બ્રશને નિયંત્રિત કરવાથી લખાણ માટે હાથ તૈયાર થાય. છાપકામ બાળકોને રંગ, આકારની ઓળખ કરતા શીખવામાં મદદ રૂપ થાય છે.



**તા. ૨૬/૯/૨૫ : નવરાત્રીની એકટિવીટી :** નવરાત્રી તહેવારનો મહત્વ અને તેની ઉજવણીના ભાગ રૂપે વિદ્યાર્થીઓને માતાજીના ફોટાની પ્રિન્ટ ઉપર,અને ગરબે ઘૂમતા ખેલયાઓના ફોટાની પ્રિન્ટ ઉપર ઝરી, ટિલડી, કલર કામ વગેરેથી સજાવટ કરાવી હતી.

**તા. ૩૦/૯/૨૫ : નવરાત્રીની ઉજવણી :** નવરાત્રી એટલે માં આધ્યશકિતની ઉપાસનાનો દિવસ જેની ઉજવણી રૂપે પૂર્વ પ્રાથમિક ગુ.મા. ના વિદ્યાર્થીઓની માતાઓ માટે ગરબા સ્પર્ધાનુ આયોજન રાખવામાં આવેલ જેમાં કુલ ૩૫ વિદ્યાર્થીઓની માતાઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામા પ્રથમ, દ્વિતિય, તૃતિય ક્રમે વિજેતા થનાર માતાઓને ઇનામ વિતરણ કરી નવરાત્રીની ઉજવણી કરવામાં આવી હતી. જેમા બાળકો સાથે તેમની માતાઓએ ખૂબ ઉત્સાહથી ભાગ લઇ આનંદ અનુભવ્યો હતો.





**તા. ૧૩/૧૦/૨૫ : દિવાળી ગીફ્ટ વિતરણ :** શ્રી સુહાગ ધનપ્રસાદ મહેતા,  સુધા સુહાગ મહેતાના વરદ હસ્તે દિવાળી તહેવારની ઉજવણી રૂપે કલર બોકસ,પેન,પેન્સિલ, રબર વગેરે જેવી વિવિધ બાળકોને ઉપયોગી વસ્તુઓનુ ગીફ્ટ વિતરણ કરાયુહતુ. આ ગીફ્ટ મેળવી બાળકો ખૂબ આનંદિત થયા હતા.







**તા. ૧૫/૧૦/૨૫ : ફૂલોની રંગોળી :** દિવાળી વેકેશન પૂર્વે દિવાળી તહેવારની ઉજવણીના ભાગ રૂપે વિદ્યાર્થીઓએ રંગબેરંગી ફૂલો વડે જુદા-જુદા આકારોમાં રંગોળી બનાવી દિવાળી વેકેશન અને આવનાર તહેવારોની ઉજવણીનો અનુભવ કર્યો હતો.

